

આ વખતે રાંધણ છઠનું કંઈ કરવાનું નથી. ગયે વર્ષે છઠ કરી હતી, પછી સાતમ ને આઠમ હૉસ્પિટલમાં કરી હતી એ યાદ છે ને !

## જે. બી. પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૬

જે.બી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ શિક્ષકોએ સંયુક્ત પ્રયાસથી સ્વયં રાખડી બનાવી રક્ષાબંધનની અનોખી ઉજવણી કરી હતી.

આચાર્યા નીવાબેન પટેલ વિદ્યાર્થીઓને બાંધવામાં આવેલી રાખડી સુરક્ષા કવચ સાથે ગુરૂભાવના વ્યકત કરી હતી. બ્રહ્માકુમારી સંસ્થામાંથી સમર્પિત બહેનોએ શિક્ષક ભાઈ- બહેનોને રાખડી બાંધી હતી. રાખી મેકિંગ સ્પર્ધામાં ૧૦૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સુંદર સર્જન કરેલ હતું.

રક્ષાબંધન પર્વના ગીતો, વકતવ્યો રજૂ કરી ઉજવણીનું મહત્વ જણાવ્યું હતું. રાખી મેકિંગ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓ ધોરણ-૬ પ્રથમ પારેખ યુગ, દ્વિતીય યશ પટેલ, હેત પટેલ તૃતીય., ધોરણ-૭ આયુષ પટેલ પ્રથમ, સંદિપ પરમાર દ્વિતીય, સાહિત સાંઘાણી તૃતીય, ધોરણ-૮માં પર્વ પટેલ પ્રથમ, મિલવ પટેલ દ્વિતીય, ઉમંગ પટેલ તૃતીય વિજેતા બન્યા હતા.

## સ્કુલ ઓફ એચિવર ખાતે જિલ્લા કક્ષાની આંતરશાળાકીય સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૬

સ્કુલ ઓફ એચિવર કુડાસણ ખાતે ગાંધીનગર જિલ્લાની સહભાગી શાળાઓના વિદ્યાર્થીઓ વચ્ચે ટેબલટેનિસ, લોનટેનિસ, સ્કેટીંગ અને કેરમ આઉટડોર- ઈનડોર ખેલકૂદ હરિફાઈ યોજાઈ હતી. જેમાં લોન ટેનિસમાં અંડર-૧૭ કેટેગરીમાં હર્ષિત સાવલિયા ત્રીજા ક્રમે, ટેબલ ટેનિસ સ્પર્ધામાં અંડર-૧૭માં સ્મિત સોની પ્રથમ ક્રમે, કરણ ત્રિવેદી ચોથા ક્રમે, પ્રશાંત પાલીવાસ પાંચમા ક્રમે, અંડર-૧૯માં મિનિષ ડોરિયા બીજા ક્રમે, બીજા ક્રમે કેરમની રમતમાં અંડર-૧૭ કુરેશી મરાજ, ત્રીજા ક્રમે સુનિલ પટેલ, ચોથા ક્રમે તથા સ્કેટીંગ અંડર-૧૭માં અપૂર્વ પટેલ પ્રથમ ક્રમે જીગર ઠાકોર, બીજા ક્રમે લિયોના ગ્રેસ ફર્નાડીસ, બીજા ક્રમે જીલ લાલવાણી ત્રીજા ક્રમે અંડર-૧૪માં સ્કેટીંગમાં હરીન પટેલ પ્રથમ ક્રમે, પટેલ માલવ બીજા ક્રમે વિજેતા બની શાળાનું ગૌરવ વધારેલ છે. ભાર્ગવ, મેસરિયા પ્રજ્ઞેશ, મેહુલ ગજ્જર, ધર્મેન્દ્ર સોલંકી,એ માર્ગદર્શક તરીકે કામગીરી બજાવી હતી.

## અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં શહીદ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા શહીદ દિન ઉજવવામાં આવ્યો હતો.

પશ્ચિમી સંસ્કૃતિમાં ફ્રેન્ડશીપ ડે, વેલેન્ટાઈન ડે વગેરેનું સેલિબ્રેશન થાય છે આ સેલિબ્રેશનમાં ભારતીય યુવાનો પણ રંગાયા છે. ત્યારે સાંપ્રત સમયમાં માતૃવંદના, પિતૃવંદના અને શહીદવંદના જેવા દિવસોનું મહત્વ વધે અને તેની ઉજવણી થાય તે બાબતે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં શહીદ દિન ઉજવવામાં આવ્યો હતો. શહીદ થયેલા જુદા જુદા શહીદવીરોના જીવન ચરિત્ર અંગે પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને દરેક વિદ્યાર્થીએ સંકલ્પ કર્યો હતો કે, ‘પશ્ચિમી સંસ્કૃતિના વિચારો ધરાવતા દિવસોનું સેલિબ્રેશન નહીં કરીએ અને આવા શહીદોને અમારા રોલ મોડલ બનાવીશું.’

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શર્મા મુદ્રા, જીગર પંડયા, આશિક વાણંદ, ગાયત્રી પંચાલ, ગ્રિષ્મા પટેલે કર્યું હતું. તેમને પ્રો.રણછોડ રથવીનું માર્ગદર્શન મળી રહ્યું હતું.

### વસંતકુંવરબા પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૮માં આવેલી બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં જિલ્લા રમત ગમત કચેરી દ્વારા ઝોન કક્ષાની અન્ડર-૧૪ એથ્લેટિકસ સ્પર્ધામાં ૨૦૦મી. દોડ, લાંબીકૂદ અને ગોળાફેંકમાં સુંદર દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

વસંતકુંવરબા પ્રાથમિક શાળાની નીલમ ડામોરે ૨૦૦મી. દોડમાં, પ્રિયંકા પરમારે લાંબીકૂદમાં અને પ્રવીણા પટેલે ગોળા ફેંકમાં ઝોન કક્ષાએ પ્રથમ નંબર મેળવી જિલ્લા કક્ષાની રમતમાં ઉમેદવારી નોંધાવી છે. શાળાના આચાર્ય તથા શાળા પરિવારે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા છે.

# પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે યોજાયેલ વાલી અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન સમારોહ






ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે વાલી મિલન અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન યોજાઇ ગયું. સંસ્થામાં આવનાર (એનએએસી) અનુસાર વિવિધ પ્રશ્નોની ચર્ચા અને તેના સમાધાન અંગે વાતચીત કરવા આ મિલન યોજાતું હતું.

વાલી અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્વાગત આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ કરેલ હતું. (એનએએસી) અંગેની માહિતી અને સમસ્યાઓ અંગેના ઉકેલો પ્રૉ. નરેન્દ્ર પટેલ અને આચાર્યશ્રી દ્વારા અપાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના પ્રમુખ ચૌધરી નીતાબેન, ઉપપ્રમુખ મીનાબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના ખજાનચી અને હોમ સાયન્સ વિભાગના પ્રા. હેમાંગિનીબેન વાઘેલાએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ગુર્જર પલક, પટેલ અનામિકા, પટેલ કોમલ અને પ્રજાપતિ સપનાએ જહેમત ઉઠાવી હતી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. લીના સ્વાદિયાએ કરેલ હતું. આ પ્રસંગે પ્રા. ડૉ. રાકેશભાઈ પટેલ, પ્રા. ગીતાબેન ચૌધરી, પ્રા.ડૉ. મીનાબેન વ્યાસ, પ્રા. પ્રતિમાબેન છનિયારા ઉપસ્થિત રહ્યા હતા. ચા-નાસ્તાને ન્યાય આવી સૌ છૂટા પડ્યાં હતા.

### આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં કાર્ડ મેકીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિવર્સિટી સંલગ્ન આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ. કોલેજમાં તાજેતરમાં કાર્ડ મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના પ્રશિક્ષણાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિક્ષક તરીકે તાલીમ લઈ રહેલા પ્રશિક્ષણાર્થીઓની સર્જનાત્મક શક્તિ બહાર લાવવા યોજાયેલા કાર્ડ મેકીંગ સ્પર્ધામાં ભાવિની પટેલ પ્રથમ સ્થાને, કિરણ મહેતા દ્વિતીય સ્થાને તથા મેયતી પાન્ડે તૃતીય સ્થાને વિજેતા બની હતી. સમગ્ર સ્પર્ધામાં કોલેજના પ્રાધ્યાપકોએ પ્રશિક્ષણાર્થીઓને જરૂરી માર્ગદર્શન પાઠવ્યુ હતુ અને સહભાગી બની પ્રતિસ્પર્ધી તેમજ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

### કાયદાકીય માહિતીનો વર્કશોપ ઉમા આર્ટસ અને કોમર્સ કોલેજમાં યોજાયો

ગાંધીનગર, તા. ૬

ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ આયોજિત લીગલ અવેરનેસ પર બે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજની ૧૨૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. એડવોકેટ પદ્યરાજ જાડેજાએ કાયદાકીય માહિતી આપી હતી. તેમણે સ્ત્રીઓના રક્ષણાત્મક કાયદાની જાણકારી આપી. વર્કશોપનું આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. વર્કશોપ ઈનચાર્જપ્રા. લીનાબહેન દેસાઈ અને પ્રા. ફાલ્ગુનીબેન પટેલે કાર્યક્રમને સફળતા માટે પ્રયત્નો કરેલ હતા.

# વન વિભાગ દ્વારા પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાશે

### ધોરણ-૭, ૮ અને ૯ના વિદ્યાર્થીઓને ૩ દિવસ રહેવા-જમવાની નિઃશુલ્ક સેવા મળશે

ગાંધીનગર, તા. ૬

વન્યજીવ તાલીમ વિભાગ ગાંધીનગર દ્વારા ધોરણ-૭, ૮ અને ૯ના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિર આગામી શિયાળાની ઋતુમાં શરૂ કરવામાં આવશે. શિબિરોમાં ભાગ લેવા માંગતી સંસ્થાએ વન્યજીવ તાલીમ વિભાગ, ગાંધીનગરનો સંપર્ક કરવા નાયબ વન સંરક્ષકે જણાવ્યું છે.

નાયબ વન સંરક્ષક ટી.એલ. પટેલે વન વિભાગ દ્વારા યોજાનાર પ્રકૃતિ શિક્ષણ શિબિર અંગે જણાવતા કહ્યું છે કે, ધોરણ-૭, ધોરણ-૮ અનો ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટેની પ્રકૃતિ શિબિર બે રાત્રિ અને ત્રણ દિવસની રહેશે. જ્યાં રહેવા-જમવા માટેની સગવડ વિના મૂલ્યે કરવામાં આવશે. પ્રકૃતિ શિબિરમાં પ્રકૃતિ વિષયક વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ માટે નાયબ વન સંરક્ષક, વન્યજીવ તાલીમ વિભાગ, વન સંશોધન સંકુલ, અક્ષરધામ પાસે, જ-રોડ, સેકટર-૨૦, ગાંધીનગર ખાતે સંમતિપત્ર મેળવી, સહીસિક્કા કરેલા સંમતિપત્ર સાથે ૫૦ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ તથા બે શિક્ષકોની યાદી સાથેની અરજી આપવાની રહેશે. આ અંગેની વધુ વિગતો ફોન નં. ૨૩૨-૫૬૬૦૭ પર સંપર્ક કરવાથી મળી રહેશે.

## જી.ટી.યુ. દ્વારા એન્જીનીયરીંગ વિદ્યાર્થીઓને ડીટેન કરવાને બદલે ચાલુ રાખવા જોઈએ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ટેકનીકલ યુનિવર્સિટી દ્વારા ડીગ્રી એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને એટીકેટી આવતી હોય છે. જેમાં ચાર વિષય કરતાં વધુ વિષયોમાં એટીકેટી આવેલ છે. તેવા વિદ્યાર્થીઓને જી.ટી.યુ. દ્વારા ડીટેન કરવામાં આવ્યા છે. જેના કારણે વિદ્યાર્થીઓને ભણવામાં રસ ઓછો થાય છે.

જી.ટી.યુ. દ્વારા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને ડીટેન કરેલ છે. ચાર કરતાં વધુ વિષયમાં એટીકેટી આવતાં વિદ્યાર્થીઓને એક વર્ષ માટે ડીટેન કરવામાં આવે છે. તો આ વિદ્યાર્થીઓ કોલેજમાં ચાલુ રાખવા જોઈએ. તેમને એટીકેટીના વિષય સોલ કરાવવા જોઈએ. જેમાં વિદ્યાર્થીઓનું વર્ષ અને નાણાં બગડે નહિ તેવી વિદ્યાર્થી તથા વાલીઓની માંગણી છે.

### ચૌધરી કન્યા વિદ્યાલયની ખોખોની ટીમ રાજય કક્ષાએ ભાગ લેશે

ગાંધીનગર, તા. ૬

જિલ્લાકક્ષાની અન્ડર-૧૭ ખોખો સ્પર્ધા આલમપુર મુકામે યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ટીમ પ્રથમ સ્થાને વિજેતા બની હતી. જે રાજયકક્ષાએ રમવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવેલ છે. રાજ્યકક્ષાની ટીમમાં લલિતા, હીના, મહિમા, સવિતા, ભારતી, સુખી, નિરલા, રેખા, વર્ષા, મિત્તલ, નિનામા કિંજલ, ભાગ લેનાર છે.

## એસ.એસ. પટેલ પી.ટી.સી. કોલેજનું દ્વિતીય વર્ષનું ૯૨.૯૪ ટકા પરિણામ આવ્યું

### કોલેજનું પ્રથમ વર્ષનું ૯૦.૯૧ ટકા પરિણામ આવ્યું

### કૈલાશ વાઢેર ૮૫ ટકા સાથે કોલેજમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧માં આવેલી એસ.એસ. પટેલ પી.ટી.સી. કોલેજનું દ્વિતીય વર્ષ પી.ટી.સી.નું પરિણામ ૯૨.૯૪ ટકા જાહેર થયું હતું. કોલેજની ૫૮ તાલીમાર્થીઓમાંથી ૫૫ તાલીમાર્થીઓ ડિસ્ટીંકશન સાથે ઉત્તીર્ણ થયા હતા. જયારે ૧૦ તાલીમાર્થીઓ પ્રથમ વર્ગમાં અને ૧૪ તાલીમાર્થીઓ બીજા વર્ગ સાથે ઉત્તીર્ણ થયા હતા.

કોલેજનું પ્રથમ વર્ષનું ૯૦.૯૧ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં પ્રથમ વર્ષમાં કૈલાશ વાઢેર ૮૫ ટકા સાથે કોલેજમાં પ્રથમ આવ્યો હતો. જયારે દ્વિતીય વર્ષમાં રીટકાબેન ગામીત ૮૫ ટકા સાથે પ્રથમ, શિલ્પાબેન ડાભી ૮૪ ટકા સાથે દ્વિતીય અને વંદનાબેન પટેલ, પંથનીબેન ચૌધરી ૮૩ ટકા સાથે તૃતીય ક્રમે આવ્યા હતા.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

# ભારતના પુનરુત્થાનનો પથ - 3



॥ અઢારમો મણકો ॥

નૂતન ભારતને ઊભું થવા દો, હળ પકડતા ખેડૂતની ઝૂંપડીમાંથી - માછીમારોની, ચમારોની અને ઝાડુવાળાઓની ઝૂંપડીઓમાંથી તેને જાગવા દો, મોદીની દુકાનમાંથી, ધાણી દાળીયા વેચનારની ભઠ્ઠીમાંથી તેને બહાર આવવા દો, કારખાનામાંથી અને બજારોમાંથી તેને બહાર આવવા દો, ઝાડી અને જંગલો ટેકરીઓ અને પર્વતોમાંથી તેને બહાર આવવા દો. આ સામાન્ય જનતાએ હજારો વર્ષો સુધી એક પણ શબ્દ બોલ્યા વિના જુલ્મો સહન કર્યા છે. પરિણામે તેમનામાં અદ્‌ભૂત સહિષ્ણુતા આવી છે. તેઓએ પાર વિનાનું દુખ વેઠ્યું છે, જેમાંથી તેમને અખૂટ ખમીર મળ્યું છે. એક મૂઠ્ઠીભર અનાજ પર નભીને તેઓ દુનિયાને ઉથલપાથલ કરી શકે છે. જો ફક્ત અરધો રોટલો જ તેમને આપો તો તેમનું તેજ સમગ્ર દુનિયામાં સમાશે નહિ. તેમનામાં રક્તબીજની અખૂટ પ્રાણશક્તિ છે. ઉપરાંત તેમનામાં દુનિયામાં ક્યાંય પણ ન સાંપડે તેવા નીતિમય જીવનની અદ્‌ભૂત તાકાત છે. સ્વભાવની આવી શાંતિ, આવો સંતોષ, આવો પ્રેમ, દિનરાત મૂંગા મૂંગા કાર્ય કરવાની આટલી શક્તિને અને કાર્યને સમયે સિંહસમી તાકાતનું પ્રદર્શન આપણને બીજે ક્યાં જોવા મળવાના છે ?

ઓ ભૂતકાળના અસ્થિપિંજરો ! તમારી સામે જ ભાવિ ભારતના વારસદારો ઊભા છે. તમારી તે રત્નપેટી, તમારી એ મણિમય મુદ્રિકા એ લોકોને જેમ બને તેમ જલદી આપી દો, પછી તમે હવામાં અદશ્ય થઈ જાઓ, ફરી કદી નજરે ન ચડશો ! માત્ર તમારા કાન ખુલ્લાં રાખજો. તમે અદશ્ય થાઓ કે તુરત તમે કરોડો મેઘગર્જનાઓ સમા ત્રણે લોકને કંપાવનારા તથા ભાવિ ભારતને જાગ્રત કરનાર નાદ સાંભળશો : ‘વાહ ગુરુ કી ફતેહ !... ગુરુનો વિજય હો !’

ભારતે આર્ય પ્રજાઓમાં ઓટ વેળા કાંઠે ફેંકાઈ ગયેલા ઓવાળ તરીકે પડ્યા રહેવાનું કાંઈ કારણ ખરું ? ભારત શું બુદ્ધિમાં ઊતરતું છે ? કૌશલ્યમાં તે ઊતરતું છે ? તમે ભારતની કળા, ભારતનું ગણિત, તેનું તત્ત્વજ્ઞાન જોયા પછી ‘હા’ કહી શકો ખરા ? જેની જરૂર છે તે એ જ કે ભારતે પોતાની જાતને સંમોહનમાંથી મુક્ત કરવાની છે, યુગયુગની નિદ્રામાંથી જાગી ઊઠીને પ્રજાઓની હારમાં પોતાનું સાચું સ્થાન પ્રાપ્ત કરવાનું છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે તેમ અત્યારે જરૂર છે પ્રબળ કર્મયોગની અને સાથોસાથ હૈયામાં અખૂટ હિંમત અને અદમ્ય બળની. ત્યારે જ આ દેશના લોકો જાગશે. આ બાબતમાં મારો ખ્યાલ શો છે તે જાણો છો ? પશ્ચિમની દુનિયાને વેદાંત ધર્મના ઊંડાં રહસ્યો શીખવીને આપણે આ બળવાન પ્રજાઓના સન્માન અને સહાનુભૂતિ મેળવીશું. આધ્યાત્મિક બાબતોમાં હંમેશા આપણે તેમના ગુરુની પદવી જાળવી રાખીશું અને બધી ભૌતિક બાબતોમાં તેઓ આપણા ગુરુ બની રહશે. ‘મને આ આપો અને તે આપો’ એમ રાત-દિવસ તેમની પાસે યાચના કરવાથી કંઈ નહિ વળે. આ પસ્પરની આપ-લેના સંપર્ક દ્વારા બંને પ્રજાઓ વચ્ચે સન્માન અને સહાનુભૂતિની સાંકળ બંધાશે. પછી આવા જોરશોરના રોદણાંની જરૂર જ નહીં રહે. તેઓ પોતાની મેળે જ બધું કરશે.

હું તો માનું છું કે ધર્મના પ્રચાર તથા વેદાંતના બહોળા ફેલાવાથી આ દેશ તેમજ પશ્ચિમ, એમ બંનેને મોટો લાભ થશે. આની સરખામણીએ રાજકીય પ્રવૃત્તિ મને ગૌણ બાબત લાગે છે. આ સિધ્ધાંતને વ્યવહારમાં ઉતારવા હું મારું જીવન સમર્પી દેવા પણ તૈયાર છું.

આથી કોઈ અન્ય રીતે ભારતનું હિત સાધશે એમ તમે માનતા હો તો ખુશીથી તમે તમારી રીતે કાર્ય કરો. (અપૂર્ણ)

## સાયન્સ સીટી ઓરિએન્ટેશન સેમિનારમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ જોડાઈ

### શાળાના નવ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિજ્ઞાન-ગણિતના વિષયોમાં રૂચિ કેળવવા શું કરી શકાય ? એ વિશે માહિતી મેળવી

ગાંધીનગર, તા. ૬

અમદાવાદના સાયન્સ સીટી ખાતે તા. ૨૬થી ૨૯ દરમિયાન યોજાયેલી વિવિધ વિષયો ઉપરના ઓરિએન્ટેશન સેમિનારમાં ગાંધીનગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રભાવશાળી દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યુ હતુ.

એસ્ટ્રોનોમી, ફિઝીકસ, કેમેસ્ટ્રી, બાયોલોજી, ગણિત જેવા વિષયોના ઓલમ્પિયાડ અંગેના સાયન્સ સીટી ઓરિએન્ટેશન સેમિનારમાં શાળાના નવ વિદ્યાર્થીઓએ શ્રેય પટેલના નેતૃત્વ હેઠળ ભાગ લઈ વિજ્ઞાન-ગણિતના વિષયોમાં રૂચિ કેળવવા શું કરી શકાય ? એ વિશે ખૂબ સારી માહિતી મેળવી હતી. વિજ્ઞાનનો જીવનમાં ઉપયોગ એ વિશે વિશદ્ ચર્ચામાં ભાગ લઈ શાળાના વિદ્યાર્થીઓએ સુંદર પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળાના આચાર્ય પ્રદીપભાઈ ગગલાણી તથા શિક્ષકોએ સેમિનારમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રભુએ પોતાની ઈચ્છા પૂર્ણ કરવા બીજા ઉપર આધાર રાખવો પડતો નથી

## ભગવાન માટે બધા જ પદાર્થો સ્વાધીન છે, સૂર્ય-ચન્દ્ર-પૃથ્વી, દેવો બધા જ ભગવાનને આધિન છે



શ્લોક - ૧૮.

ભગવાનની પરમ સ્વાતંત્ર્ય એવી વિભૂતિને હવે દર્શાવે છે શિવજી, જે ભોળાનાથ છે, કોઈ કાર્ય હોય તેને બહુ જ સરળતાથી કરી આપે છે. પ્રભુ સંકલ્પ કરે તે સિદ્ધ થાય છે. ઈશ્વરની ઈચ્છા પુરી ન થાય તેવું હોતું નથી. જીવને પોતાની ઈચ્છા પુરી કરવા બીજા ઉપર આધાર રાખવો પડે છે અને તેની બધી ઈચ્છાઓમાંથી કોઈક જ ઈચ્છા પૂર્ણ થાય છે. પ્રભુએ પોતાની ઈચ્છા પૂર્ણ કરવા બીજા ઉપર આધાર રાખવો પડતો નથી.

જેની આવશ્યકતા ન હોય અને કરીએ તેને આડમ્બર કહેવાય. બોલવાની જરૂર ન હોય અને બોલીએ આ બધું આડમ્બર કહેવાય. પુષ્પદેવજી આ શ્લોકમાં કહે છે કે,

પ્રભુ આપે જરૂર ન હોવા છતાં આડંબર કર્યો. પ્રભુ આપને જે કંઈ કરવું હોય તેના માટે પરમ સ્વાતંત્ર છે. પ્રભુ આપ જે કંઈ કરો છો તે કેમ ? શા માટે ? વિગેરે પ્રશ્ન કરવાનો રહેતો નથી. પ્રભુને આ બધું પોતાની માયા વડે, માયા શક્તિથી સ્વાધિન થઈને, પોતાના સંકલ્પને પૂર્ણ કરવા વાર લાગતી નથી.

તારકપુત્રો - તારકાશ વિદ્યુન્માલી અને કમ લાક્ષ નામના રાક્ષસો બ્રહ્માજીની ઉપાસના કરે છે અને બ્રહ્માજી પ્રસન્ન થતાં અમરત્વની માગણી કરે છે. બ્રહ્માજીએ કહ્યું પંચમહાભૂત દેહ માટે અમરત્વ સંભવ નથી, બીજું કંઈ માગો.

તેમણે માગ્યુ તેના પરિણામે બ્રહ્માજીએ વિશ્વકર્મા નિર્મિત, અનેક સાધન સામગ્રી સંપન્ન ત્રણ વિમાન - એક સોનાનું, એક ચાંદીનું અને ત્રીજું લોખંડનું. તે સાક્ષાત હાલતી ચાલતી નગરી જેવું હતું. આવા વિમાનરૂપ નગર આપ્યા. તે આ બ્રહ્માંડમાં પૃથ્વીની જમ વિચરણ કરતા રહે તેવા હતા. આ ત્રણે નગરો એક હજાર વર્ષમાં એક ક્ષણ માટે એક જ લાઈનમાં આવે ત્યારે એકબીજાને મળે, એકીભાવને પ્રાપ્ત થાય એ સમયે મૃગચર્મ પહેરેલ ભગવાન શંકર અસંભવ રથ પર બેસીને એક જ બાણથી ભેદન કરે તો ત્રણે નગર સહિત ત્રણે રાક્ષસો ભસ્મીભૂત થાય.

આથી રાક્ષસ સંસ્કારને લીધે અભિમાન આવવા લાગ્યું અને બીજાને હેરાન કરવા લાગ્યા. બ્રહ્માંડમાં હાહાકાર મચાવી દીધો. આથી દેવતાઓને કષ્ટ થયું. બધા બ્રહ્માજી પાસે ગયા, ત્યાંથી વિષ્ણુ પાસે અને બધા ભેગા થઈ શિવજી પાસે ગયા, આર્તભાવથી સ્તુતિ કરી અને દેવતાઓએ સ્થિતિનો ખ્યાલ આપી રાક્ષસોનો સંહાર કરવા કહ્યું.

ત્યારે શિવજીએ કહ્યું, તે દુષ્ટ થઈ ગયા છે અને બધાને હેરાન કરે છે, તમને પરેશાન કરે છે. પરંતુ તેઓ રોજ મારી પૂજા કરે છે. મારા ભક્ત છે. માટે હાલ તરત જ કંઈ કરી શકાય તેમ નથી, રાહ જોવી પડશે.

શાસ્ત્રમાં શ્રદ્ધા, રોજ ગો-બ્રાહ્મણને મદદ-પુણ્ય કર્યા કરે છે. માટે રાક્ષસોનું રોજ પુણ્ય કર્મ ઊભું ન થાય તે માટે તેમને અવળા માર્ગે જાય તો આ બધું કરું.

આથી વિષ્ણુ ભગવાન એવી સ્થિતિ ઊભી કરી દે છે કે ત્રણે રાક્ષસોની ધર્મ, ગાય, બ્રાહ્મણ, ભગવાનમાંથી આસ્થા ઓછી થવા લાગી. ત્યારે એક હજાર વર્ષ પુરા થવામાં ૧૦૦ વર્ષ બાકી હતી. ત્યારથી દેવોએ તૈયારી શરૂ કરી દીધી. જો ભૂલ થશે તો બીજા એક હજાર વર્ષ રાહ જોવી પડશે.

ત્રિપુરના હનન માટે સામાન્ય રથ ના ચાલે. અજોડ રથ માટે પૃથ્વીને તૈયાર કર્યા. બ્રહ્માજી ચતુર્મુખ હોવાથી ચારે દિશામાં ધ્યાન રાખી શકાય તે માટે તેમને સારથિ બનાવી દીધા. ભગવાન વિષ્ણુ વ્યાપક હોવાથી બાણ એટલે કે જ્યાં છે ત્યાં બાણસ્વરૂપ ધારણ કરી ખતમ કરી શકે. સૂર્ય-ચન્દ્રને રથના ચક્ર બનાવી દીધા જેથી રથ ખોટવાય નહીં. આમ, રથ ઉપર શિવજી વિરાજમાન થયા, ત્યાર પછી મુહૂર્ત પ્રાપ્ત થયું. એક લાઈનમાં ત્રણે નગરી સમાન રથ આવ્યા ત્યારે શિવજીએ પાશુપતિસ્ત્ર છોડ્યું, ત્રિપુરનું દહન થયું.

પુષ્પદંતજી કહે છે કે પ્રભુ આપે આવો આડંબર કર્યો, આપે આવો આડંબર કરવાની જરૂર શી હતી ? આપના માટે ત્રિપુર એક તણખલા સમાન જ હતો, આપ ત્રિનેત્રથી, ક્રોધાગ્નિથી તેનું દહન કરી શક્યા હોત. એક સંકલ્પ માત્રથી પણ દહન થઈ ગયું હોત. આપે જે કંઈ કર્યું તેને હું તો આડંબર જ કહીશ.

ભગવાન માટે બધા જ પદાર્થો સ્વાધીન છે. મારા વશમાં હોય તે પદાર્થોનો ગમે તે ઉપયોગ કરી શકે છે. સૂર્ય-ચન્દ્ર-પૃથ્વી, દેવો બધા જ ભગવાનને આધિન છે.

જેમ કલાકારના હાથમાં છ-આઠ દડા હોય, ગમે તેમ ઉછાળે તો પણ તેના ઉપર પોતાનો કંટ્રોલ હોવાથી નીચે પડતા નથી.

ભગવાન માટે બે વાત સ્પષ્ટ છે :

(૧) ભગવાન પરમ સ્વતંત્ર છે.

(૨) આખું જગત તેના વશમાં છે.

માટે જીવનમાં સમજદારી ધારણ કરવી જોઈએ. જીવે આક્રોશ કરતાં રહેવું, ફરિયાદો કરવી તેનો કોઈ અર્થ નથી. પ્રભુ જે કરે તે દરેકના હિતમાં જ છે. જે થાય તે ધરણીધરનું ધાર્યું જ થાય છે. તેથી ઈચ્છાથી જ બ્રહ્માંડ ચાલી રહ્યું છે. આ બધું પ્રભુની લીલા તરીકે જોઈએ. મારી બુદ્ધિ અત્યંત અલ્પ છે. ઈશ્વર સર્વ શક્તિમાન છે. બ્રહ્માંડમાં એક જ રાજા છે, બાકી બધા પ્રજા છે. જીવે પુરુષાર્થ કરવાનો હોય અને મારો પુરુષાર્થધ કામ ન લાગે તો પ્રભુને શરણાગત થવાનું હોય. આધ્યાત્મિક રીતે આ શ્લોકનું અર્થઘટન કરીએ તો -

સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરને અવસ્થાત્રય સ્વપ્ન અને સુષુપ્તિ સાથે તાદાત્મ્ય થઈ જવાથી સંસ્કાર જંગલ ઉત્પન્ન થાય છે.

મારે દેહાદિ સાથે તાદાત્મ્ય છોડવાનું છે, તેની સાથે સૂક્ષ્મ શરીર (મન-બુદ્ધિ-અહંકાર) અને કારણ શરીર (અજ્ઞાન) પણ એક સાથે ઘૂંટવું જોઈએ. ત્રણે શરીર સાથેનો સંબધ એકીસાથે છૂટવો જોઈએ. આ બધાને હુંની સાથે લગાવ છે, તેને છોડી હુંને ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સાધકે પોતાની સાધનામાં ત્રણે ઉપર એકસાથે પ્રહાર કરવાનો હોય છે અને તેને માટે ગુરુની જરૂર પડે. ગુરુ જાણે છે કે આની ઉપર કેવી રીતે વિધિ થાય.

શરીરથી હું પોતાને મુક્ત સમજું ત્યારે મને ખબર પડે કે આ બધું કર્યું તે આડંબર જ હતો.